# માર્ચ મહિનામાં
# સમયને સમય આપવો

૧ માર્ચ, ૨૦૨૫

આત્મીય પાઠક,

બીજો એક પત્ર લખવાનો સમય આવી ગયો છે. ઉત્તર ગોળાર્ધમાં વસંતઋતુનું સ્વાગત કરવાનો સમય આવી ગયો છે. મારા સાથી સિદ્ધયોગીઓ અને નવા સાધકો સાથે ફરીથી જોડાવાનો સમય આવી ગયો છે, જેમને જાણવા માટે હું ખૂબ જ ઉત્સુક છું.

મારા છેલ્લા પત્રમાં, મેં કેટલાક એવા પ્રશ્નો વિશે લખ્યું હતું, જેના પર આપણે વર્ષ ૨૦૨૫ માટે શ્રીગુરુમાઈના સંદેશનું અને 'સમયની સમક્ષ'માંથી તેમની શિખામણોનું અધ્યયન કરતી વખતે મનનચિંતન કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે : શું સમય સાચે જ અલગ-અલગ ટુકડાઓમાં વહેંચાયેલો છે અને માપી શકાય તેવો છે? કે પછી આ બસ એક વાર્તા છે જે આપણે પોતાને કહીએ છીએ પરંતુ સમય તો એવો જ રહે છે જેવો તે સદૈવ હતો — અનંત અને કેટલાક અંશે, જાણી ન શકાય તેવો? શું સમયનું પોતાનું કોઈ વ્યક્તિત્વ, પોતાની કોઈ વિશેષતા હોઈ શકે? અથવા તો શું કોઈ નિશ્ચિત સમયગાળામાં આપણે જે ગુણોને જોઈએ છીએ કે અનુભવીએ છીએ, તે ફક્ત એક દર્પણ છે જે આપણા પોતાના જ સતત પરિવર્તનશીલ અનુભવોને પ્રતિબિંબિત કરે છે? શું સમય બદલાય છે કે પછી *આપણે* બદલાઈએ છીએ? શું તેનું વર્ણન કરવાનું ખરેખર કોઈ મહત્ત્વ છે?

જો તમે એવી જગ્યાએ રહેતા હો જ્યાં ઋતુઓનું પરિવર્તન સ્પષ્ટ હોય છે — જેમ કે ઉત્તર-પૂર્વીય અમેરિકામાં, જ્યાં શ્રી મુક્તાનંદ આશ્રમ સ્થિત છે — તો આ પ્રશ્નનો જવાબ કે સમય બદલાય છે કે નહીં અને તે કેવી રીતે બદલાય છે, તે નિશ્ચિતપણે એ વાત પર નિર્ભર કરે છે કે તમે તમારી આસપાસ શું જોઈ રહ્યા છો. દરેક ઋતુ બીજી ઋતુઓ કરતાં અસાધારણ રીતે જુદી હોય છે; જ્યારે એક ઋતુ બદલાય છે અને બીજી ઋતુ આવે છે તો એ નિ:સંદેહ દર્શાવે છે કે સમય વીતી રહ્યો છે. તેમછતાં આ ગતિશીલતાની એક રીત છે, તેનું પોતાનું જ એક સ્વરૂપ છે. ઋતુઓનું ચક્ર ચાલતું રહે છે. જે ક્યારેક જીવંત અને તેજસ્વી હતું, તે વિશ્રાંતિ લે છે; જે પહેલાં સુપ્ત હતું તે ફરીથી ખીલી ઊઠે છે. તો શું સમય એક રેખા છે કે તે ગોળાકાર છે? કે પછી તેનો આકાર એકદમ અલગ જ છે?

માર્ચ મહિનો વસંત વિષુવકાળનો સમય છે જ્યારે દિવસ અને રાત એકસમાન અવધિના હોય છે, અને વસંતઋતુ પોતાની સાથે નવજીવનના પ્રાથમિક સંકેતો લઈને આવે છે. કોમળ લીલી કૂંપણો ધરતીમાંથી ઊગી નીકળે છે. જ્યારે ગરમી વધે છે ત્યારે હવામાં કંઈક એવું હોય છે જે અવર્ણનીય હોય છે — એ અવર્ણનીય વાત કદાચ તે છે કે જેમજેમ દિવસ સ્પષ્ટપણે લાંબો થતો જાય છે, તેમતેમ તેમાં વધારે પ્રકાશનું વચન સમાયેલું હોય છે;

વાતાવરણમાં એ અવ્યક્ત ઉત્સાહ હોય છે જે નવી શરૂઆતમાં મહસૂસ થતો હોય છે. તેથી એ કોઈ આશ્ચર્યની વાત નથી કે વસંતકાળ દરમ્યાન વિશ્વભરમાં ઘણા બધા તહેવારો છે. ઉદાહરણ તરીકે, ભારતમાં લોકો હોળી અને ગુડી પડવો ઊજવે છે, જે બંને આ વર્ષે માર્ચ મહિનામાં છે.

આપણે અત્યારે જે સમયમાં જીવી રહ્યા છીએ, તેને જોઈને મને લાગે છે કે વસંતઋતુ અને તેના સંકેતાર્થો વિશે વિચારવું ઉપયોગી છે અને પ્રેરણાદાયી પણ છે. સંસારમાં જે કંઈ પણ ઘટિત થઈ રહ્યું છે, તેને જોઈને ઘણાં લોકોને ગભરાટ થઈ શકે છે કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ; અચાનક મહસૂસ થવા લાગે છે કે આપણે આપણી સ્થિરતા ગુમાવી રહ્યા છીએ. બની શકે કે અત્યારે જે છે તેનું દુઃખ અને આપણે જે ઇચ્છીએ છીએ તેની અદમ્ય ઇચ્છાની વચ્ચે દરરોજ આપણું ધ્યાન, આપણી ભાવનાઓ ઝૂલતી રહે. જો આપણે આપણો અભિપ્રાય આપી શકીએ કે કોઈ વસ્તુ *આ રીતે* જ હોવી જોઈએ, તો આપણા આ દૃઢ મત સાથે પણ આપણી ભાવનાઓ વિચલિત થઈ શકે છે. વ્યાકુળ થઈને પીછેહટ કરવાની પ્રબળ ઇચ્છા સાથે કદાચ એક જ વસ્તુ મેળ ખાય છે, અને તે છે, આપણી અંદરની પ્રબળ પ્રેરણા કે આપણે વાસ્તવિક અને અર્થપૂર્ણ પરિવર્તન લાવીએ. એવું લાગે છે કે બેચેની પહેલાં કરતાં વધી ગઈ છે, આપણી અંદર પણ અને આપણી ચારેબાજુ પણ. પરંતુ, શું આ જ જીવનનું સ્વરૂપ નથી? એ વાત જે પહેલાં આપણને લાગતી હતી કે આપણને સમજાઈ ગઈ છે, પરંતુ હવે તેના પર આપણી અંદર સવાલ ઊઠી રહ્યા છે, અને સાથેસાથે એ વાત જેને આપણે કદાચ બિલકુલ જાણતા નહોતા, તેનું સમાધાન શોધવાનો સંઘર્ષ એક વિચારશીલ મનુષ્ય હોવાનો જ ભાગ છે.

તોપણ, મને એ વાત આશ્વાસન આપે છે કે સ્પષ્ટપણે લોકોમાં ખુશીની રચના કરવાની, આનંદ શોધવાની અને તેની વૃદ્ધિ કરવાની અસીમિત ક્ષમતા છે. ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે મનુષ્યને અગણિત મુશ્કેલીઓના સમયમાંથી પસાર થવું પડ્યું છે. અને તેમ છતાં, તેણે ખુશી મનાવવાનું, ઉત્સવ મનાવવાનું *કોઈને કોઈ* કારણ, *કોઈને કોઈ* અવસર તો હંમેશાં શોધી જ લીધો છે. મનુષ્યને ભલે જે પણ પડકારોનો સામનો કરવો પડ્યો હોય, તેણે આત્મીયતાથી બીજાં લોકો સાથે બેસીને, ભેગા મળીને ભોજન કર્યું છે, એકબીજાને કિસ્સાઓ સંભળાવ્યા છે, ગીત-સંગીતનો આનંદ માણ્યો છે, એકબીજાનો હાથ પકડીને નૃત્ય કર્યું છે. તેણે પ્રેમ કર્યો છે; લગ્ન કર્યા છે. અને દરવર્ષે વસંતઋતુના આગમન પર, મનુષ્યે પ્રકૃતિની સુંદરતા અને તેની ઉદારતાની પ્રશંસા કરી છે. મનુષ્યે જીવનની સારપને યાદ રાખવાનું પસંદ કર્યું છે.

આશાનો, લવચીકતાનો આ ભાવ તરંગિત થઈને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી ફેલાઈ શકે છે — તરંગોની જેમ ફેલાતો આ ભાવ શ્રીગુરુમાઈની ‘સમયની સમક્ષ’ની શિખામણોનો આધાર છે. તમારાંમાંથી ઘણાં લોકોએ પહેલાંથી જ આના પર ધ્યાન આપ્યું છે. જેમકે એક વ્યક્તિએ સિદ્ધયોગ પથની વેબસાઇટ પર લખીને મોકલ્યું છે :

> શ્રીગુરુમાઈ સમયના વિષય પર અભ્યાસ અને અધ્યયનનો જે પ્રસાદ આપણને પ્રદાન કરી રહ્યાં છે, તે ઘણાં બધાં કારણોથી ખૂબ રોમાંચકારી છે. હવે દરરોજ સવારે જાગતાં જ મારી અંદર ખૂબ ઉત્સુકતા સાથે આ પ્રશ્ન ઊઠે છે, “આહા! આજે સમય શું હશે!”

હા; સમય *શું* છે? સમય *શું* હશે? એવું વિચારવું કે સમય એક કોરી સ્લેટ છે જેના પર કંઈ પણ લખી શકાય છે, એવી કાચી માટી છે જેને કોઈપણ આકારમાં ઢાળી શકાય છે; દરેક દિવસ નવો હોઈ શકે છે, એ વિશ્વાસ આપણને સ્ફૂર્તિથી ભરી દે છે. સમય પ્રત્યે આપણો દૃષ્ટિકોણ કેવો હોય, આપણે કેવી રીતે સમયનો ઉપયોગ કરીએ, એ વિશે બીજું કંઈ નહીં તો, *આપણે* તો નવા થઈ જ શકીએ છીએ, એ આશા આપણને સ્ફૂર્તિથી ભરી દે છે. વસંતઋતુના સમયે, અહીં શ્રી મુક્તાનંદ આશ્રમમાં સૌથી પહેલાં દેખાતા છોડમાંથી એક છે, સ્નોડ્રોપનો છોડ. તેનાં ફૂલ સફેદ અને સાદાં હોય છે, જેની નાની-નાની પાંખડીઓ ધરતીથી થોડાંક ઈંચ ઉપર ખીલે છે, પરંતુ તેની સહનશીલતા, તેની મજબૂતી વિલક્ષણ હોય છે. ઘણીવાર આ છોડ ઊગે છે ત્યારે ધરતી પર હજી બરફ છવાયેલો હોય છે; વાસ્તવમાં, સ્નોડ્રોપનાં ફૂલોમાં તાપમાન અનુસાર ખીલવાની ને બંધ થવાની ક્ષમતા હોય છે — વાતાવરણ જ્યારે ઘણું ઠંડું હોય ત્યારે તેની પાંખડીઓ પોતાના રક્ષણ માટે આપોઆપ બંધ થઈ જાય છે અને વાતાવરણમાં ગરમાટો આવે ત્યારે આ ફૂલો ફરીથી ખીલી ઊઠે છે. આ રીતે, આ નાનાં ફૂલો, પોતાની આગવી રીતે આપણને કંઈક શીખવી રહ્યાં છે કે કેવી રીતે આપણે પડકારો પર વિજય પ્રાપ્ત કરીએ, જે કંઈ પણ થયું છે તેની વચ્ચે રહીને કેવી રીતે આપણે નિર્ભય રહીએ, કેવી રીતે આપણે એ દૃઢ સમજ સાથે જીવીએ કે એવી કોઈપણ પરિસ્થિતિ નથી જે બદલાતી નથી. આપણા માટે હજી પણ વધારે આંતરિક બળ સદૈવ ઉપસ્થિત છે, તે આપણા માટે સદૈવ સુલભ છે.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.